©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 13th MAY, 2026/VAISHAKHA 23, 1948 [No. 3538

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

નમૂનો-ઝ

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નિયમો ૨૬(૧) અને ૨૬(૩)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા)

નં. નરયો/નં.૨૯/ડી(કુમેઠા)/જાહેરાત/૧૯૮૦.–હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી,નગર નિયોજક-૨,વડોદરા નગર રચના યોજના એકમ, વડોદરા, નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા)વિસ્તારમાં સમાવિષ્ટ તમામ જમીનમાલિકો અને હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓનેઆ સાથે જાણ કરું છું કે, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૮(૨)ની જોગવાઈઓને આધીન શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના તા.૩૦-૦૩-૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક:GH/V/61 OF 2026/UDUHD/TPS/E-FILE/18/2024/1639/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા)ને મંજૂર કરવામાં આવેલ છે. તેમજ સદરહું યોજનાને આખરી કરવા સારું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૫૦(૧) ની જોગવાઈઓને આધીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૩૦-૦૩-૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક:GH/V/62 OF 2026/UDUHD/TPS/E-FILE/18/2024/1639/Lથી નગર રચના અધિકારી તરીકે નગર નિયોજક-૨, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, વડોદરા નગર રચના યોજના એકમ, વડોદરાની હોદ્દાની રૂએ નિમણૂક કરવામાં આવેલ છે. જે અંગેની અધિસૂચના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૦-૦૩-૨૦૨૬ના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B ના પાના નં.૮૦-૧ થી ૮૦-૩ તથા ૮૧-૧ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬(૧) માં ઠરાવ્યા મુજબ જરૂરી છે એ પ્રમાણે આથી નોટીસ આપુ છું કે, તા.૦૫-૦૫-૨૦૨૬ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો અમારા દ્વારા સંભાળવામાં આવેલ છે. સદર નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા)ની ચર્તુસીમા અને હદો નીચે દર્શાવ્યા મુજબ છે.

ચર્તુસીમા

ઉત્તરે હદ : *મોજે: ભાઉપુરાનો સીમાડો*

દક્ષિણે હદ : *સુચિત નગર રચના યોજના નં.૨૯/એ (કુમેઠા) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/સી (કુમેઠા-મોરલીપુરા)*

પૂર્વે હદ : *મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા) તેમજ મોજે:મોરલીપુરાનો સીમાડો*

પશ્ચિમે હદ : *મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા)*

યોજનાનું કુલ ક્ષેત્રફળ : ૧૬૪.૩૬ હેક્ટર

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા)માં સમાવિષ્ટ રે. સર્વે નંબરની યાદી

૩૫૬/૨, ૩૫૬/૧, ૩૫૬/૩, ૩૫૬ પૈકી, ૩૪૬ પૈકી, ૩૪૭, ૩૪૮, ૩૪૯, ૩૫૫, ૩૫૪, ૩૫૩, ૩૫૭, ૩૫૮, ૩૫૨/૨, ૩૫૨/૧, ૩૫૦/અ, ૩૪૧ પૈકી, ૩૪૨ પૈકી, ૩૪૦, ૨૯૦/૨ પૈકી, ૨૯૨ પૈકી, ૩૩૮, ૩૩૯, ૩૩૬/અ, ૩૩૬/બ, ૩૫૧/અ, ૩૫૯, ૩૬૦, ૩૫૧/બ, ૩૬૧, ૩૬૨/બ, ૩૩૪/બ, ૩૬૩, ૩૬૪, ૩૬૫, ૩૬૬/૧, ૩૬૬/૨, ૩૩૪/અ, ૩૬૨/અ, ૩૫૦/બ, ૩૩૫, ૩૩૭, ૩૩૧, ૩૩૩, ૩૬૭, ૩૩૨, ૩૨૭, ૩૨૮, ૩૨૯/૧, ૩૩૦/૧, ૩૩૦/૨, ૨૯૧, ૨૯૦/૩ પૈકી, ૨૯૦/૧ પૈકી, ૨૯૦ પૈકી, ૩૨૪, ૩૨૫, ૩૨૯/૨, ૩૨૬, ૩૬૮, ૩૬૯, ૩૭૧/૨, ૩૭૦, ૩૭૧/૧, ૩૨૩, ૩૦૮, ૩૦૭, ૩૦૬/૨, ૩૦૬/૧, ૩૧૦, ૩૧૧, ૩૦૯, ૩૨૨, ૩૨૧, ૩૭૨, ૩૨૦, ૩૧૮, ૩૧૨, ૩૦૫, ૩૦૪ પૈકી, ૩૦૧/૨ પૈકી, ૩૦૧/૧ પૈકી, ૩૦૨, ૩૦૩, ૩૧૩, ૩૧૭, ૩૧૬, ૩૧૯, ૩૭૭, ૩૭૬, ૩૭૩, ૩૭૪/અ, ૩૭૪/બ, ૩૭૫, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૧૫, ૩૧૪, ૨૯૯, ૩૦૦/૧ પૈકી, ૨૯૫/૨ પૈકી, ૩૯૨ પૈકી, ૨૯૫/૩, ૩૦૦/૨, ૨૯૬, ૨૯૮, ૨૯૭, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫ પૈકી, ૩૮૬/૧ પૈકી, ૩૮૭ પૈકી, ૩૮૮/૧ પૈકી, ૩૯૯ પૈકી, ૪૦૦, ૪૦૧, ૩૯૮ પૈકી, ૪૦૩/૧ પૈકી, ૪૦૨, ૪૦૩/૨, ૪૦૪, ૪૦૫ પૈકી, ૪૦૬/૧ પૈકી, ૪૦૬/૨ પૈકી, ૪૦૭ પૈકી, ૪૦૮ પૈકી, ૪૦૯ પૈકી, ૪૧૦ પૈકી, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૩, ૪૨૪, ૪૨૫, ૪૨૬/અ, ૪૨૬/બ, ૪૨૭, ૪૨૮, ૪૨૯/અ, ૪૨૯/બ, ૪૩૦, ૪૩૧/બ પૈકી, ૪૩૭/બ પૈકી, ૪૩૩ પૈકી, ૪૩૨, ૪૨૨, ૪૧૭, ૪૧૬, ૪૧૫, ૪૧૪/૧, ૪૧૪, ૪૧૧, ૫૦૨/૨, ૫૦૨/૩ પૈકી, ૫૦૨/૧, ૪૪૫, ૫૦૧ પૈકી, ૪૪૬, ૪૪૭, ૪૪૪/૩, ૪૪૪/૨, ૪૧૨, ૪૧૩/૨, ૪૧૩/૧, ૪૩૪, ૪૩૬ પૈકી, ૪૩૫ પૈકી, ૪૪૩, ૪૪૨ પૈકી, ૪૪૪/૧ પૈકી, ૪૪૮ પૈકી, ૪૪૯ પૈકી, ૫૦૦, ૪૯૯ પૈકી, ૪૯૮/૧, ૪૯૮/૨, ૪૯૬ પૈકી, ૪૯૭/૧ પૈકી, ૪૯૭/૨, ૪૯૭/૩ પૈકી, ૪૯૭/૪ પૈકીવિગેરે; યોજનામાં સમાવિષ્ટ થતી કેનાલની સંપાદિત જમીનો, કાંસ, માર્ગ, નાળિયા, સીમાડો નીમે વિગેરેની જમીન (ગામતળ સિવાય).

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ સરકારશ્રી દ્વારા તૈયાર કરેલા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯ ના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે સદરહું યોજના અન્વયે હક્ક-હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની જોગવાઈઓમાં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસૂચના પ્રસિદ્ધ થયાના ૨૦ દિવસની અંદર પોતાના વાંધા, સૂચનો, જરૂરીઅધિકૃત આધાર-પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં સદરહું નગર રચના યોજના દ્વારા પ્રતિકુળ અસર પામેલી કોઈ પણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે જો દાવો કરવા હક્કદાર છે તો તેમણે તેમના દાવાની વિગતો આ અધિસૂચના પ્રસિદ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પ્રમાણીત પુરાવા સાથે નીચે સહી કરનાર નગર રચના અધિકારીને લેખિતમાં રજુ કરવાના રહેશે.

સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા)ની દરખાસ્તની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નમુનાઓ, નકશાઓ સાથે રજા સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લા રાખવામાં આવેલ છે તેમજ તે અંગેની સમજૂતી માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉક્ત વિગતો ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા) ની દરખાસ્તોથી અસર પામેલ પ્રત્યેક વ્યક્તિઓને નીચે દર્શાવેલ કચેરીના સરનામે સદરહું યોજનાની વિગતો જોવા તથા સમજૂતી મેળવવા આ સાથે વિનંતી કરવામાં આવે છે.

સ્થળ : વડોદરા

તારીખ : ૦૫-૦૫-૨૦૨૬

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૨,
વડોદરા નગર રચના યોજના
વડોદરા

સરનામુ :

પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, વડોદરા નગર રચના યોજના એકમ,

જુની વોર્ડ ઓફીસ નં.૦૯, સુભાનપુરા સબ પોસ્ટ ઓફીસની પાછળ,

હાઈટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩.

નમૂનો-ઝ

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નિયમો ૨૬(૧) અને ૨૬(૩)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)

નં. નરયો/નં.૨૯/ઈ(કુમેઠા)/જાહેરાત/૨૦૧૧.–હું, નીચે સહી કરનારનગર રચના અધિકારી, નગર નિયોજક-૨, વડોદરા નગર રચના યોજના એકમ, વડોદરા, નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા)વિસ્તારમાં સમાવિષ્ટ તમામ જમીનમાલિકો અનેહિતસંબંધ ધરાવતી વ્યક્તિઓનેઆ સાથે જાણ કરું છું કે, ગુજરાત સરકારદ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૮(૨)ની જોગવાઈઓને આધીનશહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના તા.૩૦/૦૩/૨૦૨૬નાજાહેરનામા ક્રમાંક:GH/V/59 OF 2026/UDUHD/TPS/E-FILE/18/2024/1641/L થીમુસદ્દા-રૂપ નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા)નેમંજૂર કરવામાં આવેલ છે. તેમજ સદરહું યોજનાને આખરી કરવા સારું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૫૦(૧) ની જોગવાઈઓને આધીનશહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગની તા.૩૦/૦૩/૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક:GH/V/60 OF 2026/UDUHD/TPS/E-FILE/18/2024/1641/Lથીનગર રચના અધિકારી તરીકે નગર નિયોજક-૨, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, વડોદરા નગર રચના યોજના એકમ, વડોદરાની હોદ્દાની રૂએ નિમણૂક કરવામાં આવેલ છે, જે અંગેની અધિસૂચના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૦/૦૩/૨૦૨૬ના અસાધારણ રાજયપત્ર ભાગ-IV-B ના પાના નં.૭૮-૧ થી૭૮-૩તથા ૭૯-૧૩૫રપ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬(૧) માં ઠરાવ્યા મુજબ જરૂરી છે એ પ્રમાણે આથી નોટીસ આપુંછું કે,તા.૦૫/૦૫/૨૦૨૬ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો અમારા દ્વારા સંભાળવામાં આવેલ છે. સદર નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા)ની ચર્તુસીમા અને હદો નીચે દર્શાવ્યા મુજબ છે.

ચર્તુસીમા

ઉત્તરે હદ : *મોજે: ભાઉપુરાનો સીમાડો*

દક્ષિણે હદ : *મોજે: ભાઉપુરાનો સીમાડો*

પૂર્વે હદ : *મોજે: કોટંબીનો સીમાડો*

પશ્ચિમે હદ : *મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા)*

યોજનાનું કુલ ક્ષેત્રફળ : ૧૬૨.૮૯ હેક્ટર

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)માં સમાવિષ્ટ રે.સ.નં/બ્લોક નંબરની યાદી

મોજે:- કુમેઠાગામનાબ્લોક નંબર (રે.સ.નં.) :- ૪૩૧/અ, ૪૩૧/બ પૈકી, ૪૩૩ પૈકી,૪૩૮/અ,૪૩૮/બ,૪૩૯,૪૩૭/અ,૪૩૭/બ પૈકી,૪૩૬ પૈકી, ૪૪૦/અ,૪૪૦/બ,૪૩૫ પૈકી,૪૪૧,૪૪૨ પૈકી,૪૪૪/૧ પૈકી, ૪૬૧/૧, ૪૬૧/૨, ૪૬૨/૩, ૪૬૨/૨, ૪૬૨/૧, ૪૬૭, ૪૬૬, ૪૬૫, ૪૬૪, ૪૬૩/અ, ૪૬૩/બ, ૪૬૦, ૪૪૮ પૈકી, ૪૫૯, ૪૪૯ પૈકી, ૪૯૯ પૈકી, ૪૫૦, ૪૫૮, ૪૫૭/અ, ૪૫૭/બ, ૪૫૬, ૪૬૮, ૪૬૯, ૪૭૦/અ, ૪૭૦/બ, ૪૭૧/૧/અ, ૪૭૧/૧/બ, ૪૭૧/૨, ૪૭૨/અ, ૪૭૨/બ, ૪૫૪/અ, ૪૫૪/બ, ૪૫૫, ૪૫૧/અ, ૪૫૧/બ, ૪૫૨/અ, ૪૫૨/બ, ૪૫૩ પૈકી, ૪૯૫, ૪૯૬ પૈકી, ૪૯૭/૧ પૈકી, ૪૯૭/૩ પૈકી, ૪૯૭/૪ પૈકી, ૪૯૨/અ, ૪૯૨/બ, ૪૯૩/અ, ૪૯૩/બ, ૪૯૪/અ, ૪૯૪/બ, ૪૯૧, ૫૦૧ પૈકી, ૪૭૩, ૪૭૪, ૪૭૫, ૪૭૬/૧, ૪૭૬/૨, ૪૭૭, ૪૭૮, ૪૭૯, ૪૮૦/૧, ૪૮૦/૨, ૪૮૦, ૪૯૦, ૪૮૯, ૪૮૮, ૪૮૭, ૪૮૬, ૪૮૫, ૪૮૪, ૪૮૩, ૪૮૨, ૪૮૧/અ પૈકી, ૪૮૧/બ, ૪૮૧/૯, ૪૮૧/૮, ૪૮૧/૭, ૪૮૧/૬, ૪૮૧/૫/અ, ૪૮૧/૫/બ, ૪૮૧/૪, ૪૮૧/૩, ૪૮૧/૨, ૪૮૧/૧વિગેરે; યોજનામાં સમાવિષ્ટ થતી કેનાલની સંપાદિત જમીનો, કાંસ, માર્ગ, નાળિયા, સીમાડો નીમે વિગેરેની જમીન (ગામતળ સિવાય).

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ સરકારશ્રી દ્વારા તૈયાર કરેલા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો- ૧૯૭૯ ના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે સદરહું યોજના અન્વયે હક્ક-હિત ધરાવતીતમામ વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની જોગવાઈઓમાં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસૂચના પ્રસિદ્ધ થયાના ૨૦ દિવસની અંદર પોતાના વાંધા, સૂચનો, જરૂરી અધિકૃત આધાર-પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

વધુમાંસદરહું નગર રચના યોજના દ્વારા પ્રતિકુળ અસર પામેલી કોઈ પણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે જો દાવો કરવા હક્કદાર છે તો તેમણે તેમના દાવાની વિગતો આ અધિસૂચના પ્રસિદ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પ્રમાણીત પુરાવા સાથે નીચે સહી કરનાર નગર રચના અધિકારીને લેખિતમાં રજુ કરવાના રહેશે.

સરકારશ્રી દ્વારા મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા)ની દરખાસ્તની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નમુનાઓ, નકશાઓ સાથે રજા સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લા રાખવામાં આવેલ છે તેમજ તે અંગેની સમજૂતી માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉક્ત વિગતો ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ઈ (કુમેઠા) ની દરખાસ્તોથી અસર પામેલ પ્રત્યેક વ્યક્તિઓને નીચે દર્શાવેલ કચેરીના સરનામે સદરહું યોજનાની વિગતો જોવા તથા સમજૂતી મેળવવા આ સાથે વિનંતી કરવામાં આવે છે.

સ્થળ : વડોદરા

તારીખ : ૦૫-૦૫-૨૦૨૬

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૨,
વડોદરા નગર રચના યોજના
વડોદરા

સરનામુ :
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, વડોદરા નગર રચના યોજના એકમ,
જુની વોર્ડ ઓફીસ નં.૦૯, સુભાનપુરા સબ પોસ્ટ ઓફીસની પાછળ,
હાઈટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.15 09:17:57 IST